# મહુધા તાલુકામાં વિકાસના કામોમાં કટકી કરી તો ખેર નથી : ટીડીઓ

## ચુણેલ ગામે પેવરબ્લોકની નબળી કામગીરી કરાતાં ઉખેડવાનો વારો આવ્યો





ગતિશીલ ગુજરાતમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિકાસના કામોમાં પોલંપોલ ચાલતી હોવાની બૂમો વારંવાર ઉઠતી રહી છે. ખેડા જીલ્લામાં અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો વિકાસથી જોજનો દૂર છે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો માટે ફાળવવામાં આવતી વિવિધ ગ્રાંટોમાંથી સરપંચ, તલાટીથી લઈ સ્થાનિક નેતાઓ અને તાલુકા-જીલ્લાકક્ષાએ ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ કોન્ટ્રાકટર સાથે મીલીભગત કરી ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની બૂમો સતત ઉઠી રહી છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં અધિકારીઓ ખુદ કોન્ટ્રાકટર બની બેઠા છે ત્યારે મહુધા તાલુકામાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો હતો ત્યારે તાલુકા વિકાસ અધિકારી તરીકે કાજલ આંબલીયાએ ચાર્જ સંભાળતાની સાથે ભ્રષ્ટાચારીઓ અને કૌભાંડીઓના પેટમાં તેલ રેડાતા કાજલ આંબલિયાને બાનમાં લેવા સરપંચોએ રાજીનામાંનું હથિયાર ઉગામ્યું હતું જેમાં નિષ્ફળતા મળી હતી. તાલુકા વિકાસ અધિકારીએ મહુધા તાલુકામાં વિકાસના કામોમાં થતા ભ્રષ્ટાચારને અટકાવવા સતત પ્રયત્નશીલ બન્યા છે ત્યારે ચુણેલ અને અલીણા ગામમાં પેવરબ્લોકમાં હલકી કક્ષાના પેવરબ્લોક નાખી રૂપિયા ખિસ્સામાં મુકવા જતા ફસાઈ ગયા છે અને પેવરબ્લોક ઉખેડવાની નોબત આવતા સમગ્ર તાલુકામાં ગ્રામ્ય પંચાયતનો વહીવટ ખુલ્લો પડી જતા ભારે ચકચાર મચી હતી.

મહુધા તાલુકા વિકાસ અધિકારી કાજલ આંબલિયાને ચુણેલ અને અલીણા ગામના સરપંચ ગામમાં થઈ રહેલ વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર આચરતાં હોવાની અને પેવરબ્લોકની કામગીરીમાં હલકી કક્ષાના પેવરબ્લોક નાખવામાં આવ્યા હોવાની ફરિયાદ મળતા વિકાસ અધિકારી કાજલ અંબાલિયાએ ચુણેલ ગામે સ્થળ તપાસ કરી ઈજનેરને સમગ્ર પેવરબ્લોકની કામગીરીની પરીક્ષણ કરવા અને પેવરબ્લોકનું ટેસ્ટિંગ કરવા જણાવતા પેવરબ્લોક એમ.૨૫ ની જગ્યાએ એમ.૧૬.૩૦ સ્ટ્રેન્થના નાખવામાં આવ્યા હોવાનું બહાર આવતા સરપંચને નોટિસ આપી ટેન્ડર પ્રમાણે પેવરબ્લોક નાખવા માટે નોટિસ ફટકારતા સરપંચ ફફડી ઉઠ્યો હતો અને પેવરબ્લોક ઉખેડી નાખવાની ફરજ પડી છે મહુધા તાલુકા વિકાસ અધિકારીની કામગીરીની સમગ્ર તાલુકામાં ભારે સરાહના થઈ રહી છે મહુધા તાલુકામાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર અદારનાર ટોળકી ધીરે ધીરે આગાપાછી થવા મજબુર બની છે.

# બાયડ તાલુકાના ચોઈલા ગામમાં ગંદકીનું સામ્રાજ્ય

## ગામમાં ગંદકીને લઇને રોગચાળાની દહેશત સેવાઇ રહી છે : પંચાયતના ખાડે ગયેલા વહીવટને લઇને પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે

બાયડ, તા. ૧૯

બાયડ તાલુકાના ચોઈલા ગામે અનેક જગ્યાએ ગંદકીનો સામ્રાજ્ય જોવા મળી રહ્યો છે. ત્યારે પંચાયતના ખાડે ગયેલા વહીવટને લઈને ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ચોઈલા ગ્રામપંચાયતના આગળ જ્યાં જુવો ત્યાં ગંદકી જોવા મળે છે છતાં પંચાયત દ્વારા ગંદકીનો નિકાલ કરવામાં ન આવતા ગ્રામજનો પંચાયતના વહીવટ સામે રોષે ભરાયા હતા.



ચોઈલા ગ્રામ પંચાયતમાં ઘણા સમયથી પાઈપલાઈન તૂટી ગઈ છે પણ પંચાયત દ્વારા પાઈપલાઈનનું સમારકામ હાથ ધરવામાં આવતું ન હોવાથી ગ્રામજનોની ભારે હાલાકીનો સામનો કરવાનો આવ્યો છે. એટલુ જ નહી પરંતુ ગામની અંદર પણ મેલડી માતાના ચોક વિસ્તારમાં તેમજ ગામના મોટા ભાગના વિસ્તારોમાં પુષ્કળ પ્રમાણમાં ગંદકી જોવા મળી રહી છે જેને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધતા અને રોગો થાય તેવી દહેશત સેવાઈ રહી છે. ગ્રામજનો દ્વારા વારંવાર પંચાયત તેમજ તંત્રમાં રજૂઆતો કરી પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી અને આશ્ચર્યની બાબત એ છે કે આ કોઈ અંતરિયાળ વિસ્તારમાં આવેલું ગામ નથી, પણ તાલુકા મથક બાયડથી ફક્ત ત્રણ કિ.મી. દૂર બાયડ-દહેગામ હાઈવે પર આવેલું આ ગામ છે, છતાં તાલુકા વિકાસ અધિકારીને પણ ચોઈલા ગામમાં ફેલાયેલી પારાવાર ગંદકી પર ધ્યાન ગયું નથી. સરકાર દ્વારા સૌચ મુક્ત ભારતનું બોર્ડ પણ રસ્તામાં પડેલું જોવા મળ્યું, આમ સરકારી પૈસાનો વ્યય જોવા મળી રહ્યો છે. આગામી સમયમાં પંચાયત દ્વારા ગંદકી દૂર કરવામાં નહીં આવે તો ગ્રામજનો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે.

### દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ અરવલ્લી

# પોલીસ કોન્સ્ટેબલ મહેશ ગઢવીને રેન્જ આઈજીએ કર્યો સસ્પેન્ડ..!!

## કોમલ પાસવર્ડ હેઠળ કારમાં થતી હતી દારૂની ખેપ

ગુજરાતમાં ફક્ત કહેવાતી દારૂબંધી છે લોકડાઉન હોય કે પછી સામાન્ય દિવસ રાજ્યમાં બુટલેગરોને કેટલાક ઉચ્ચ અધિકારીઓના વહીવટદારોના છુપા આશીર્વાદ અને રાજકીય આકાઓના પીઠબળ હેઠળ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે. વિદેશી દારૂના ધધામાં રહેલી મબલખ કમાણીની લાલચમાં અનેક પોલીસકર્મીઓ બુટલેગર બની વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા ઝડપાઈ ચુક્યા છે.



ત્રણ મહિના અગાઉ ગાંધીનગર એલસીબી પીએસઆઈ ઝાલાએ ડુમેચા નજીક ટ્રાવેરામાંથી ૧ લાખ રૂપિયા જેટલો વિદેશી દારૂ જપ્ત કરી ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા. ત્યારે બુટલેગરોએ એલસીબી પોલીસને ગઢવી સાહેબ સાથે ફોન પર વાત કરી લો તેમ જણાવતા પીએસઆઈ ઝાલા ચોકી ઉઠ્યા હતા અને ગઢવી નામ જોગ ફરિયાદ દાખલ કરવામાં આવ્યા પછી અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતો ગઢવી નામનો પોલીસકર્મી હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું અને સ્ટેટ મોનીટરીંગ સેલને તાપસ સોંપાઈ હતી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી જ્યોતિ પટેલને સોંપવામાં આવી હતી તેમની ટીમે જે તે સમયે અરવલ્લીમાં ધામા નાખી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. ત્યારબાદ સમગ્ર પ્રકરણ પર પડદો પાડી દેવામાં આવ્યો હોવાની બૂમો ઉઠી રહી હતી ત્યારે રેન્જ આઈ જી તરીકે અભય ચુડાસમાએ પોલીસ કોન્સટેબલ મહેશ ગઢવીને સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં આનંદ છવાયો હતો. પોલીસ કોન્સ્ટેબલ બે દિવસથી ફરજ પર ન આવતા જીલ્લા પોલીસતંત્રે સસ્પેન્ડ ઓર્ડર તેના ઘરે પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.



## પ્રાંતિજ ખાતે ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ તેમજ ભારતમાતાની મૂર્તિઓનું સ્થાપન

સાબરકાંઠા જિલ્લામાં સેવા સત્તા સપ્તાહ અંતર્ગત સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ તેમજ ભારતમાતાની મૂર્તિઓનુ સ્થાપન કરવામાં આવ્યું હતુ. પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ. પી.એન્ડ આર હાઈસ્કુલના પ્રાંગણમાં તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ સેવા સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્વામી વિવેકાનંદ તેમજ ભારતમાતાની મૂર્તિઓનું સ્થાપન કરીને પૂજા-અર્ચના કરીને જયકારો બોલાવ્યો હતો. દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણી અંતર્ગત સેવા સત્તા સપ્તાહ ઉજવાય છે તે અંતર્ગત તાલુકાકક્ષાએ તેમજ જીલ્લાકક્ષાએ ભારત માતાજી તેમજ સ્વામી વિવેકાનંદની પ્રતિમાઓની સ્થાપના થઈ રહી છે આ તબક્કે જિલ્લા ભાજપના અગ્રણીઓ બિપીનભાઈ ઓઝા, નિર્ભયસિંહ રાઠોડ, પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ તેમજ શહેર સંગઠન, યુવા મોરચા તેમજ નગરપાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. પૂજા અર્ચન કેતનભાઈ પુરોહિત કરાવ્યું હતું.

### પ્રાંતિજ જાયન્ટસ ગૃપ તથા અર્બન હેલ્થ સેન્ટર

# પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે રેપીડ કિટ દ્વારા કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગૃપ સહેલી તથા અર્બન હેલ્થ સેન્ટર પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે રેપીડ કિટ દ્વારા રહીશોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજ નાનીભાગોળ આંટીયાવાસ ખાતે આવેલ શ્રી લીંબચમાતાના મંદિરના હોલમાં પ્રાંતિજ જાયન્ટસ ગૃપ સહેલી તથા પ્રાંતિજ આરોગ્ય અર્બન હેલ્થ સેન્ટર પ્રાંતિજ દ્વારા આજે રેપીડ કીટ દ્વારા નાનીભાગોળ વિસ્તારોના



રહીશો તો તથા વેપારીઓનો ફ્રી કોરોના ચેકમ કેમ્પ યોજાયો

હતો જેમાં આ વિસ્તાર સહિત વેપારીઓના રેપીડ કીટ દ્વારા કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જાયન્ટસ ગૃપના પૂર્વ પ્રમુખ વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ ગૃપ સહેલીના પ્રમુખ હર્ષાબેન ભાવસાર, મંત્રી હેમાંગીબેન ભાવસાર, પૂર્વ ફેડરેશન પ્રમુખ શિલ્પાબેન શર્મા, સુનીલદાસજી મહારાજ, પીયુષભાઈ શાહ, કમલેશભાઈ બાલાણી, ડૉ.અમિતભાઈ પરમાર, આર.જે. ઝાલા, રીટાબા રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીના ભિલોડા અને મોડાસા ખાતે કૃષિ કલ્યાણ કાર્યક્રમ યોજાયો

## કૃષિક્ષેત્રે ગામડાના ખેડૂતોની નાવિન્ય વિચારધારા વૈશ્વિક સ્તરે ડગ માંડી રહ્યા : ચેરમેન લીલાબેન અંકોલીયા

ભિલોડા, તા. ૧૯

સમગ્ર ગુજરાત રાજયમાં ગુણવત્તાયુક્ત અને રસાયણમુક્ત ખેતી તરફ ખેડૂતો પગરવ માંડે તે માટે રાજ્ય સરકારે કૃષિ કલ્યાણના સાત પગલા યોજના અમલમાં મૂકી છે જે અંતર્ગત મોડાસા અને ભિલોડા ખાતે પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાય નિભાવ ખર્ચ અને અને પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત બનાવવાની યોજનાનું લોકાપર્ણ તેમજ લાભાર્થીઓને સહાયના મંજૂરી પત્રોનો એનાયત કાર્યક્રમ યોજાયો હતો.



મોડાસાની ઉમિયા મંદિર મોડાસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયાએ ધરતીપુત્રોને સંબોધતા જણાવ્યું હતું કે રાજય સરકારની ખેડૂતો માટે કૃષિ કલ્યાણની અનેકવિધ યોજનાઓથી ખેડૂતોમાં આર્થિક સધ્ધરતા આવી છે તેની સાથે સંકટના સમયે ખેડૂતોના પડખે રહી તેમના દુખમાં સહભાગી બને છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે ખેડૂતો માટે કલ્યાણકારી સાત પગલા લઈ તેમની આવક બમણી કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. જેમાં આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંપૂર્ણ દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય નિભાવ ખર્ચ સહાય યોજના તેમજ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવાની યોજનાને ખુલ્લી મુકી છે. જેનાથી ગુણવત્તાયુકત અને રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન મળશે. તેમણે જણાવ્યું હતુંકે રાજયમાં કૃષિલક્ષી યોજનાઓની માહિતી દરેક ખેડૂતના ઘરે સરળતાથી મળી રહે તે માટે આજે ઈન્ટરનેટના માધ્યમથી ખેડૂતો પોતાની નાવિન્ય વિચારધારા વૈશ્વિકસ્તરે ડગ માંડી રહ્યા છે.

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા વિદ્યાલય ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા સમાહર્તા અમૃતેશ ઔરંગાબાદકરે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે આવનારા સમયમાં જંતુનાશક દવાઓ યુક્ત ખેતપેદાશ, પૌષ્ટીક આહાર, જમીન અને પર્યાવરણ સુધારણા જેવા અભિગમો સામે પ્રાકૃતિક ખેતી ઉત્તમ વિકલ્પ છે. જેથી રાજય સરકાર દ્વારા સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે ખેડૂતોના કલ્યાણના સાત ક્રાંતિકારી નિર્ણય લીધા છે. જેમાં વધુ બે યોજનાઓનું લોકાપર્ણ કરાયું છે.

કલેકટરે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં એક લાખથી વધુ ખેડૂતો દેશી ગાય આધારીત ખેતી કરતા થયા છે તેમણે રૂ. ૬૬ કરોડથી વધુની રકમની સહાય ચુકવણી કરવામાં આવી રહી છે. તેમણે અરવલ્લી જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન યોજનાકીય લાભાર્થીઓને મંજૂરીના હુકમપત્રો તેમજ બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડથી સન્માન પત્ર મહાનુભવોના હસ્તે અપર્ણ કરવામાં આવ્યા હતા.

મોડાસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, પ્રાયોજના વહિવટદાર મુનિયા તેમજ ભિલોડા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા અગ્રણી રણવીરસિંહ ડાભી, પી.સી. બરંડા, જિલ્લા ખેતીવાડી અધિકારી જગદિશ પટેલ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# શામળાજી નજીક કીડીખાઉની તસ્કરીના પર્દાફાશ

## ૧ શખ્સ દબોચાયો, ૨ ચકમો આપી ફરાર, વન વિભાગની ટીમને ચકમો આપી આરોપીઓ ફરાર થતાં અનેક સવાલો

શામળાજી, તા. ૧૯

પશુઓને બચાવવા માટેની ઝુંબેશ એ લોહીના ખાબોચીયામાં આંગળી બોળવા જેવું છે. આંગળી પર લોહી ચોંટેલું જ રહે છે. તમે એક છીંડુ બંધ કરો જ્યારે બીજે ક્યાંક બમણા છીંડા ઊભા થઈ ગયા હોય છે. કીડીખાઉ (પેંગોલિયન) નો ઉપયોગ કેન્સર, સોરાઈસીસ, વજન ઘટવું, દમ જેવી બિમારી માટે તેના અંગોમાંથી દવા બનાવવા માટે ચીન તેમજ વિયેટનામ તેમજ ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં મોટી ડિમાન્ડ હોવાથી તેની તસ્કરી કરતી ગેંગની ઝાળ સમગ્ર દેશમાં પાથરેલી છે. કીડીખાઉનાં સ્કેલ્સ (ભીંગડા)માંથી ઔષધી બનાવાય છે. તમિળનાડુ, ઓરિસા, કેરળના આદિવાસીઓ પણ આ પ્રાણીમાંથી દેશી ઉપચાર માટે દવા તરીકે તેનો ઉપયોગ કરતા હોવાથી અને ચામડાના બુટ તેમજ ફેશનની ચીજો બનાવવા શિકારીઓ છેલ્લા કેટલાક વર્ષથી પેંગોલીયનનો શિકાર કરતા આવ્યા છે. ઈન્ડીયન પેંગોલીયનની ભારતમાંથી મોટાપાયે હેરાફેરી થાય છે એમ વિશ્વમાં પણ તેનું નામ ટોપ પર છે.



અરવલ્લી વનવિભાગ તંત્રએ રતનપુર ચેકપોસ્ટ નજીકથી સેન્ટ્રો કારમાંથી બે મૃતક કીડીખાઉ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. સેન્ટ્રો કારમાં રહેલા અન્ય બે શખ્સો વનવિભાગની ટીમને ચકમો આપી ફરાર થઈ ગયા કીડીખાઉની તસ્કરીમાં આંતરરાજ્ય રેકેટ ચાલતું હોવાની સાથે કીડીખાઉને ખરીદનાર ટ્રેડરને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. જોકે શામળાજી વન વિભાગ ની ટીમ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

શામળાજી આરએફઓના જણાવ્યા અનુસાર ગઈકાલે વન વિભાગની ટીમ અને પૉલિસની ટીમ દ્વારા વાહન તપાસ ચાલી રહી હતી, તે દરમિયાન ઉત્તરાખંડથી પાસીંગની સેન્ટ્રો કારમાંથી ત્રણ વ્યક્તિ કિડિખાઉની હેરાફેરી કરતા હોવાનું માલૂમ થયું હતું, જોકે બે ઈસમ ત્યાંથી ફરાર થઈ ગયા જ્યારે અન્ય એક ઈસમ દબોચાયો હતો. કારની તપાસ કરતા તેમાં રહેલા કોથળામાંથી બે કિડિખાઉ મૃત હાલતમાં મળી આવ્યા હતા.

વનવિભાગની ટીમે બંને મૃતક કીડીખાઉને પીએમ માટે સરકારી પશુ દવાખાને મોકલી આપી



કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી વનવિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. વનવિભાગ તંત્રના અધિકારીઓ આ અંગે મગનું નામ મરી પાડવા તૈયાર નથી કીડીખાઉ તસ્કરી પ્રકરણમાં આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય કૌભાંડનો પર્દાફાશ થઈ શકે તો નવાઈ નહિ..!!

# કીડીખાઉ તસ્કરી રેકેટના તાર ગુજરાત અને મુંબઈ સુધી જોડાયેલા છે..!!

અરવલ્લી વનવિભાગ તંત્રેએ રતનપુર ચેકપોસ્ટ નજીકથી સેન્ટ્રો કારમાંથી બે મૃતક કીડીખાઉ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. સેન્ટ્રો કારમાં રહેલા અન્ય બે શખ્સો વનવિભાગની ટીમને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. કીડીખાઉની તસ્કરીમાં આંતરરાજ્ય રેકેટ ચાલતું હોવાની સાથે કીડીખાઉને ખરીદનાર ટ્રેડરને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. જોકે શામળાજી વન વિભાગની ટીમ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. સેન્ટ્રો કારમાંથી ઝડપાયેલા ઉત્તરાખંડના મોં.નદીમ નામના શખ્સની વનવિભાગની ટીમ સઘન પૂછપરછ કરી હતી. શનિવારે વનવિભાગ તંત્રના અધિકારીઓએ બંને મૃતક કીડીખાઉનાં મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. મોં.નદીમને ભિલોડા કોર્ટમાં રજુ કરી ૭ દિવસના રિમાંડ માંગવામાં આવ્યા છે.

વનવિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર સેન્ટ્રો કારમાં કીડીખાઉ સાથે પસાર થઈ રહેલા ત્રણ શખ્સોમાંથી બે શખ્સો ફરાર થઈ જતા વનવિભાગની ટીમે બંને શખ્સોને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કીડીખાઉ તસ્કરી રેકેટની તપાસમાં વાઈલ્ડલાઈફ ગાંધીનગર અને વનવિભાગ તંત્રની ટીમો જોતરાઈ છે. પ્રાથમિક તપાસમાં ઉત્તર ભારતના રાજ્યોમાં સુનિયોજિત રીતે કીડીખાઉનો ગેરકાયદેસર શિકાર કરી તેની તસ્કરી કરવામાં આવી રહી છે અને ગુજરાત તેમજ મુંબઈના વેપારીઓ ખુબ ઉંચા ભાવે કીડીખાઉની ખરીદી કરી ચીન સહીત અન્ય દેશોમાં મોકલવામાં આવતું હોવાની અને આંતરરાષ્ટ્રીય રેકેટ ચલાવવામાં આવી રહ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. આગામી સમયમાં કીડીખાઉની તસ્કરીમાં ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક શખ્સોના નામ ખુલે તો નવાઈ નહિ..!!